# નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમ માટે ૧૩૦ બસો દોડશે

**શહેરી બસ સેવા પ્રભાવિત થશે : ચ-૩ પાસેના મેદાનમાં એસ ટી બસોનો ખડકલો : સવારથી મોટેરાના રૂટમાં બસો દોડશે : ગાંધીનગર ડેપોની ૪૦ બસો પણ સામેલ : શહેરી બસ સેવા ઉપરાંત જિલ્લાના વિવિધ રૂટની બસ સેવાને અસર પડશે : વિદ્યાર્થીઓ સહિત ૨૦ હજાર વ્યક્તિઓ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાગ લેશે**



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાતની તડામાર તૈયારીઓ થઈ ચૂકી છે. મોટેરા સ્ટેડિયમ પર તેમનો ભવ્ય કાર્યક્રમ યોજાવાનો હોઈ ગાંધીનગરથી પણ નગરજનોને સ્ટેડીયમ પર લઈ જવાશે. આ કાર્યક્રમ માટે ખાનગી વાહનોને પ્રવેશ આપવાનો ન હોવાથી એસટીની બસોમાં જ વસાહતીઓને લઈ જવાશે. સેક્ટર-૧૧ના મેદાનમાં બસોનો ખડકલો અત્યારથી જ લગાવી દેવાયો છે. વિવિધ રૂટ પ્રમાણે ૩૦૦ બસો મુકવામાં આવી છે.

ગાંધીનગર તા ૨૩

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે દેશની ઐતિહાસિક મુલાકાતે આવવાના છે. જયારે ડોનાલ્ડ ટ્રમ્પની આ મુલાકાતને અનુલક્ષી છેલ્લા ઘણાં સમયથી પુર્વતૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. સુશોભન અને સુરક્ષા સહીત વિવિધ મુદ્દે કોઈ કમી ન રહે તે વાતની વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે ટ્રમ્પની આ મુલાકાત દેશવાસીઓ માટે ટોક ઓફ ધ ટાઉન છે. મોટેરા સ્ટેડિયમ પર અનેક વી વી આઈ પી મહાનુભાવો વચ્ચે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ યોજાશે.

વિદ્યાર્થીઓ સહિત ૨૦ હજાર વ્યક્તિઓ 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં ભાગ લેશે. જયારે આ કાર્યક્રમમાં પહોંચવા માટે ગાંધીનગરના ચારેય ડેપોમાંથી ૧૩૦ જેટલી બસો પણ ફાળવવામાં આવી છે. શહેરમાં ચ-૩ પાસે સ્થિત મેદાનમાં રવિવારની સાંજે જ બસો ખડકાઈ ગઈ હતી. ગાંધીનગર ડેપોની પણ ૪૦ બસો ફાળવવામાં આવી છે. જો કે મોટરાના રૂટ માટે બસો ફાળવવામાં આવતા શહેર જિલ્લાની બસ સેવા પણ પ્રભાવિત થશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે દેશની ઐતિહાસિક યાત્રા પર આવી રહ્યા છે.

ભારતના દુનિયાના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમ ખાતે હાઈપ્રોફાઈલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ યોજાશે જેને અનુલક્ષી છેલ્લા ઘણાં સમયથી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમમાં લાખોની સંખ્યમાં નાગરિકો હાજરી આપશે. અમદાવાદ ખાતે અમેરિકાના પ્રમુખ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જયારે ટ્રમ્પની આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખાસ બેઠક પણ યોજાશે. ટ્રમ્પને આવકારવા સુશોભન સાથે ચાંપતો બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. ગાંધીનગર સહીત વિવિધ જિલ્લામાંથી પોલીસ જવાનોને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે વી વી આઈ પી મહાનુભાવો સાથે આમ નાગરિકો પણ આ નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમને નિહાળવા માટે ઉત્સુક છે. જેને અનુલક્ષી વિદ્યાર્થીઓ સહીત નાગરિકોની અવરજવર માટે ખાસ બસ સેવાનુ પણ આયોજન કરાયુ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૧૩૦ જેટલી બસો મોટેરાના રૂટ માટે ગોઠવાશે. જયારે આ ખાસ બસ સેવાને અનુલક્ષી રવિવાર સાંજથી જ ચ-૩ પાસે મેદાનમાં એસ ટી બસો ગોઠવાઈ ગઈ છે. સોમવારે સવારે ૭ કલાકથી તબક્કાવાર આ બસો નિયત રૂટમાં દોડવાશે. જેથી તમામને બસ મારફતે મોટેરા પહોંચાડાશે. ટ્રમ્પની આ મુલાકાત દરમિયાન એસ ટી બસો મારફતે નાગરિકોને સ્થળ પર પહોંચાડવામાં આવશે. જયારે એસ ટી બસો આ સેવામાં રાકાયેલી રહેતા શહેરી બસ સેવા સહીત જિલ્લાની અન્ય બસ સેવા પણ પ્રભાવિત થશે. ટ્રમ્પના કાર્યક્રમને અનુલક્ષી જિલ્લાના ચારેય ડેપોમાંથી અંદાજિત ૩૦૦ જેટલી બસો દોડાવાની છે. જયારે આ પૈકી ૧૩૦ બસો ગાંધીનગરના જુદા જુદા ડેપોની છે. જેમાં ૪૦ બસો ગાંધીનગર ડેપોમાંથી ફાળવવામાં આવી છે. અન્ય ત્રણ ડેપોમાંથી ૯૦ બસો પણ આ રૂટમાં દોડાવાશે. રવિવારે સાંજથી જ શહેરના ચ-૩ મેદાનમાં આ બસો ગોઠવાઈ ગઈ હતી જયારે એસ ટી બસોનો ખડકલો જોઈને પસાર થતા નાગરિકોને પણ આ વાતનો ખ્યાલ આવી ગયો હતો.

## હેલિકોપ્ટરના સતત હવાઈ નિરીક્ષણને લઈ ગાંધીનગરમાં પણ ચક્કર લગાવ્યા

ગાંધીનગર, તા. ૨૩

આજે આખો દિવસ ગાંધીનગર-અમદાવાદમાં હેલિકોપ્ટર સતત ઘુમતા રહેતા જણાતાં લોકોમાં આશ્ચર્ય થયુ હતુ. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આવી રહ્યા હોવાથી જિલ્લાની હદમાં આવતા રોડ શૉ નું સતત હવાઈ નિરીક્ષણ કરવા માટે હેલિકોપ્ટર ફરતા રહ્યા હતા. સાંજે છ વાગ્યા સુધી આ હેલિકોપ્ટરોએ ચક્કર કાપ્યા હતા. હેલિકોપ્ટરની આવન-જાવન માટે બાળકો ઘરની બહાર દોડી આવતા નજરે પડ્યા હતા.

## આજ રાતથી જ બસો રોડ-શૉ અને સ્ટેડિયમ જવા તેમના રૂટના સ્થાને પહોંચી

ગાંધીનગર, તા. ૨૩

આજે અમદાવાદ આવી રહેલ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારના સભ્યોને આવકારવા અને મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાયેલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જિલ્લાના રહીશો વહેલી સવારથી જ રવાના થશે.

સવારે ૬ વાગ્યાથી આ માટે ગ્રામ્ય વિસ્તારમાંથી બસો રવાના કરવાની શરૂઆત કરવામાં આવનાર છે. ગાંધીનગર તાલુકાને ફાળવવામાં આવેલ ૧૦૬ બસોમાંથી ૬૧ બસો પાલનપુર ડિવીજનની આજે સાંજે ગાંધીનગર આવી પહોંચી હતી. ચ-૩ પાસે આ બસોને પાર્ક કરવામાં આવી છે.

**સવારે ૬ વાગે પહેલી બસ ગાંધીનગરમાંથી તો કલોલ, માણસા, દહેગામમાંથી ૬.૩૦ થી ૬.૪૫ વાગે સ્ટેડિયમ જવા ઉપડશે**

મળતી વિગતો પ્રમાણે આ બસોને રાત્રે જ જે તે રૂટ સુપરવાઈઝર સાથે જ જે તે ગામે પહોંચાડી દેવામાં આવશે. આ બસો ત્યાંથી જ્યારે રવાના થશે એ સાથે જ જી.પી.એસ. પર તેનુ મોનીટરીંગ શરૂ થઈ જશે. ગાંધીનગર તાલુકામાં ૧૦૬ બસોમાં ૬૧ બસો પાલનપુર ડિવીઝનની છે તો ગાંધીનગર ડેપોની ૪૫ બસો છે. ગાંધીનગર ડેપો ખાતે પાંચ બસો રિઝર્વ રાખવામાં આવી છે. બસોમાં જો કોઈ ક્ષતિ થાય તો તેની દુરસ્તી માટે બે ટીમ મીકેનીકલ વિંગની પણ તૈનાત રાખવામાં આવી છે.

રોડ શૉ અને સ્ટેડિયમ પર જનાર આ બસો માટે બે પાર્કિંગ પ્લોટ ફાળવવામાં આવ્યા છે. બસની અંદર જ મુસાફરોને ફૂડ પેક્ટેસ આપવામાં આવનાર છે.

કલોલમાંથી સવારે ૬.૩૦ થી ૬.૪૫ની વચ્ચે પહેલી બસ રવાના થશે એ જ પ્રમાણે દહેગામ અને માણસાની બસો પણ આ સમયે જ રવાના થશે. વાહન-વ્યવહાર શાંતિથી ચાલે તે માટે બસો ઉપડવાના સમયમાં ૧૦ થી ૧૫ મિનિટનું અંતર રાખવામાં આવેલ છે.

ગાંધીનગર ડેપો તેમજ અમદાવાદ એસ.ટી. ડેપો ખાતે ખાસ જી.પી.એસ. મોનીટરીંગ માટે પણ સ્ટાફ કામે લાગશે.

આ ઉપરાંત કલેક્ટર કચેરી ખાતે તેમજ પોલીસ કંટ્રોલરૂમ ખાતે પણ ખાસ મોનીટરીંગ માટેના કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાંથી ભાગ લેવા જનારાઓ માટે સેક્ટરોમાં પણ ખાસ પોઈંટ નિશ્ચિત કરવામાં આવ્યા છે. ચારેબાજુ શહેરમાં તૈયારીઓ અને ઉત્સુકતાનો માહોલ જામ્યો છે. જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાવાના છે.

# મોટેરામાં વીવીઆઈપી ગેટ અને પબ્લિક ગેટ તૂટી પડ્યા

**કોઇ ઇજા કે જાનહાનિ નહી પણ વહીવટીતંત્ર-આયોજકો સામે ગંભીર પ્રશ્નો ઉઠયા : તાત્કાલિક નવી વ્યવસ્થા થઇ**

અમદાવાદ, તા.૨૩

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે અને તેમનો મોટેરા સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ યોજાવાનો છે ત્યારે તે પહેલાં જ આજે મોટેરા સ્ટેડિયમ ખાતે બહુ ગંભીર બેદરકારી અને ચૂક સામે આવી હતી. જેમાં મોટેરા સ્ટેડિયમના જે ગેટ નંબર-૩ પર થઈને ટ્રમ્પ અને મોદી સહિતના મહાનુભાવોનો કાફલો અંદર જવાનો હતો તે ત્રણ નંબરનો વીવીઆઈપી ગેટ જ આજે ભારે પવનના વાવાઝોડા સાથે એકદમ ધરાશાયી થઈ ગયો હતો. એટલું જ નહી, જોરદાર પવન ફુંકાતાં આ વીવીઆઈપી ગેટની બાજુમાં જ આવેલો પબ્લીક ગેટ પણ તૂટી પડયો હતો. લોખંડની એન્ગલો અને જાળીથી મજબૂત એવો વીવીઆઈપી ગેટ તૂટી પડતાં સ્થાનિક અધિકારીઓ સહિત સૌકોઈમાં દોડધામ મચી ગઈ હતી. જો કે, આ સમગ્ર દુર્ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિ નહી નોંધાતા તંત્રએ રાહત અનુભવી હતી. પરંતુ વિશ્વની મહાસત્તા એવા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને તેમના પત્ની મલેનિયાની આવતીકાલની મુલાકાત પહેલાં જ આ પ્રકારે તેઓ જયાંથી પસાર થવાના હતા તે વીવીઆઈપી ગેટ તૂટી પડતાં બહુ મોટી અને ગંભીર બેદરકારી સામે આવતાં હવે એક નવો જ વિવાદ સર્જાયો છે. આ સમગ્ર પ્રકરણમાં આટલી હલકી કે મજબૂતાઈ કે સુરક્ષાના પાસાઓનું ધ્યાન રાખ્યા વિના ગેટ તૈયાર કરનારા કોન્ટ્રાકટરો અને અધિકારીઓ વિરૂધ્ધ આકરા પગલાં લેવાની ઉગ્ર માંગણી પણ ઉઠી રહી છે. બીજીબાજુ, અમ્યુકો સત્તાવાળાઓ અને મોટેરા સ્ટેડિયમ પર સ્થિત તંત્રના અધિકારીઓએ તાબડતોબ મજૂરો બોલાવી ફરીથી આ ગેટ ભારે મજબૂતાઈ અને સુરક્ષાની ખરાઈ સાથે તૈયાર કરાવવાની ફરજ પડી હતી. આજની આ દુર્ઘટના વખતે ગેટની નીચે કોઈ મજૂર, સુરક્ષા જવાન કે નાગરિક નહી હોવાના કારણે ઈજા કે જાનહાનિની ઘટના નોંધાઈ ન હતી. જેના કારણે તંત્ર અને ફરજ પર હાજર સુરક્ષા તેમ જ પોલીસના જવાનોએ પણ ભારે રાહતનો દમ લીધો હતો. જો કે, જયારે વિશ્વની મહાસત્તા એવા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની પત્ની મલેનિયાના

● અનુસંધાન પાન-૭ પર



વાર્ષિકોત્સવ - શહેરની પ્રતિષ્ઠિત શાળા સેન્ટ ઝેવિયર્સનો ૫૦મો વાર્ષિકોત્સવ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો.... વિદ્યાર્થીઓએ અલગ-અલગ નૃત્ય-નાટ્યની કૃતિઓ પ્રસ્તુત કરી ઉપસ્થિત વાલીઓ અને મહેમાનોને મંત્રીમુગ્ધ કર્યા હતા... નાની બાળાઓનું નૃત્ય અને વિદ્યાર્થીઓનો ક્રિકેટ થીમ પરના નૃત્યની પ્રસ્તુતિએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# ગાંધીનગર મનપાની સામાન્ય સભા ૨૯મી ફેબ્રુઆરીએ મળશે

**બજેટ સર્વાનુમતે પસાર થશે કે મતદાન : વિપક્ષ પ્રજાને વધુ રાહત મળે તે માટે આગ્રહ કરશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી સામાન્ય સભા ૨૯મી ફેબ્રુઆરીના રોજ મળશે જેમાં સ્થાયી સમિતિએ મંજૂર કરેલ બજેટનો મંજૂરી આપવામાં આવશે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ સામાન્ય સભામાં બજેટનો એજન્ડા જ મુખ્ય છે. સ્થાયી સમિતિએ રૂ. ૩૦૪ કરોડનું બજેટ મંજૂર કર્યુ છે. જે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સામાન્ય સભામાં રજુ કરશે.

આ બેઠકમાં વિપક્ષ તરફથી કેટલાક સુધારાઓ રજુ થવાની શક્યતાઓ છે. તો બીજી તરફ ભાજપ તેમણે તેમના નિવેદનની યાદ અપાવી બજેટને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તેવો આગ્રહ રાખી રહેલ છે.

વિપક્ષે સ્થાયી સમિતિ પ્રજા

● અનુસંધાન પાન-૭ પર

## ધોરણ-૧૦, ૧૨ના પરીક્ષાર્થીઓ માટે કાઉન્સિલરો નિયુક્ત કરાયા

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૫ માર્ચના રોજ બોર્ડની પરીક્ષા લેવાશે. જયારે આ બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનો ભય ન સતાવે વિદ્યાર્થીઓ મુકત અને પારદર્શક વાતાવરણમાં પરીક્ષા આપે તે મુજબનુ આયોજન શિક્ષણ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓની મુંઝવણ અને હાઉ દુર કરવા માટે પણ કાઉન્સલરોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં ચારેય તાલુકામાંથી કુલ ૮ જેટલા વિવિધ શાળાના આચાર્યોને જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૫ માર્ચથી બોર્ડની પરીક્ષા લેવાશે. જયારે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ બોર્ડ તેમજ શિક્ષણ તંત્રએ જરૂરી તમામ તૈયારીઓ કરી દીધી છે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ઉપરાંત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવા માટે પણ પુર્વ તમામ પગલા હાથ ધરાયા છે.

જિલ્લામાંથી અંદાજિત ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપશે ત્યારે આ વિદ્યાર્થીઓ શાંતિસભર અને ભયમુક્ત વાતાવરણમાં કસોટી પાર કરે તે માટે સઘળુ આયોજન કરી દેવાયુ છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અગાઉ શાળાઓની મુલાકાત લઈ જરૂરી ભૌતિક સુવિધા અને સી સી કેમેરા સહીતની વ્યવસ્થાઓ પણ ચકાસવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### કાઉન્સિલરના નામ અને સંપર્ક નંબર

| તાલુકો | નામ | મોબાઈલ નંબર |
|---|---|---|
| માણસા | લક્ષ્મણસિંહ જી રાવ | ૮૫૧૧૦૭૨૯૭૯ |
| માણસા | અંજનાબેન એન પટેલ | ૯૪૦૮૭૮૧૭૮૫ |
| કલોલ | હિતેન્દ્ર બી પટેલ | ૯૯૨૫૨૭૬૫૨૦ |
| કલોલ | નિમેષ સી જાની | ૯૮૭૯૧૭૯૨૯૧ |
| દહેગામ | સંજય એસ રાવલ | ૯૯૨૪૦૪૧૦૦૦ |
| દહેગામ | વિનોદ ડી દેસાઈ | ૯૯૦૯૨૯૩૬૮૦ |
| ગાંધીનગર | અશોકપુરી આર ગોસ્વામી | ૯૯૨૫૮૩૨૯૮૯ |
| ગાંધીનગર | હિતેન્દ્રસિંહ એચ રાઠોડ | ૯૭૨૭૩૭૭૦૩૮ |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com